# જીએનએલયુના પ્લેસમેન્ટ ફેરમાં ૧૫ લાખનું એવરેજ પેકેજ

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીમાં પ્લેસમેન્ટ ફેરનું આયોજન કરાયું હતું, જેમાં મે-૨૦૨૦માં ગ્રેજ્યુએટ થનારા ૪૯ સ્ટુડન્ટનું સિલેક્શન કરવામાં આવ્યું છે. પ્લેસમેન્ટ ફેરમાં નેશનલ સંસ્થાઓની સાથે ત્રણ ઈન્ટરનેશનલ સંસ્થાએ પણ ભાગ લીધો હતો. પ્લેસમેન્ટમાં એવરેજ પેકેજ ૧૫ લાખ આપવામાં આવ્યું છે. આ પ્રસંગે જીએનએલયુના ડિરેક્ટર બિમલ પટેલે કહ્યું કે, ગ્રેજ્યુએશન પૂર્ણ થવામાં એક વર્ષનો સમય હોવા છતાં ૪૯ સ્ટુડન્ટ સિલેક્ટ થયા હોવાથી ઈન્સ્ટિટ્યૂટ માટે ગર્વની વાત છે. ઉપરાંત પ્લેસમેન્ટ માટે નેશનલ અને ઈન્ટરનેશનલ સંસ્થાઓએ ભાગ લીધો તે પણ મહત્ત્વની બાબાત છે.

## જીએનએલયુના ત્રણ સ્ટુડન્ટને એલએએમપીની ફેલોશિપ મળી

જીએનએલયુની ત્રણ સ્ટુડન્ટને લેજીસ્લેટીવ અસાઈમેન્ટ ટુ મેમ્બર્સ ઓફ પાર્લામેન્ટની ફેલોશિપ મળી છે, જેમાં તેઓ ૧૧ મહિના પાર્લામેન્ટમાં રહીને મદદરૂપ બનશે. ત્રણેય સ્ટુડન્ટ મોનસૂન સેશનમાં પાર્લામેન્ટનો ભાગ બનશે અને બજેટ સેશન સુધી રહીને પાર્લામેન્ટના કાર્યને ઓબઝર્વ કરવા સાથે કામમાં સહકાર પણ આપશે. ફેલોશિપમાં ત્રણેય સ્ટુડન્ટનું કાર્ય કેટલાક સાંસદના રિસર્ચ કાર્યોમાં મદદરૂપ બનવું અને પ્રશ્નોત્તરી તૈયાર કરવાનું રહેશે. ફેલોશિપ અંતર્ગત ત્રણેય સ્ટુડન્ટ આગામી સમયમાં દિલ્હી જશે. જીએનએલજી સતત પાંચમા વર્ષે આ ફોલોશિપ મેળવવામાં સફળતા મેળવી છે.

ઉત્તરાખંડ-ચારધામ યાત્રા
જયપુર, હરિદ્વાર, વૃંદાવન, પુષ્કર,
નવભારત ટુર્સ
UNIT OF NAVBHARAT TRAVELS
Apr. :22,28